**647510** **0101201C1042** **Seat No :________**

# B.A. Semester - 2 (*CBCS*) Examination
# March/April - 2023 (OLD COURSE)
# GUJ. P4 SARJAN LEKHAN KAUSHAL-2 (CORE)

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

**પ્રશ્ન.૧ નીચે આપેલ ગદ્યખંડનું વિવરણ કરો.** **(૧૪)**

એક અરીસા ઉપર જો કચરો અને ધૂળ જામી ગયાં તો એમાં આપણુ પ્રતિબિંબ જોઇ શકાતું નથી. અજ્ઞાન અને દુષ્ટતા આપણા હ્રદયનાં અરીસા ઉપર કચરા અને ધૂળ સમાન છે. જેમાં આપણે આપણી જાતનો જ સૌથી પ્રથમ વિચાર કરીએ છીએ. તે સ્વાર્થીપણુ એ મોટામાં મોટું પાપ છે. જે એમ વિચારે છે કે, હું પહેલો ખાઇ લઇશ, હું બીજાઓ કરતા વધુ ધન મેળવીશ અને બધુ મારી પાસે જ રાખીશ, જે એમ વિચારે છે કે બીજાઓની પહેલા હું સ્વર્ગમાં જઇશ બીજાઓની પહેલાં હું મુક્તિ મેળવીશ, તે મનુષ્ય સ્વાર્થી છે. નિસ્વાર્થી મનુષ્ય કહે છે, હું છેલ્લો રહીશ. હું સ્વર્ગમાં જવાની દરકાર રાખતો નથી, વળી, જો નર્ક જવાથી પણ મારા ભાઇઓને હું મદદરૂપ થઇ શકું, તો હું નર્ક જવા પણ તૈયાર છું. આ નિસ્વાર્થ વૃતિ જ ધર્મની કસોટી છે. **- સ્વામી વિવેકાનંદ**

**અથવા**

**પ્રશ્ન.૧** પ્રતીક એ વાચકને ગૂંચવવા કોઇ બુદ્ધિશાળીએ રચેલો કોયડો નથી. અલબત, કવિઓ તેનો એવો ઉપયોગ કરે છે. પ્રતીક સાચા અર્થમાં કવિના અનુભવ જગત સુધી પહોંચવા માટેના દ્વારની ગરજ સારે છે. પ્રતીક કવિને ઘણીવાર તેની પોતાની ચેતનાના વિસ્તારમાંથી મળે છે. તો કોઇવાર સાહિત્ય અને સંસ્કૃતિના વારસામાંથી સાંપડે છે. પ્રત્યેક પ્રતીક પાછળ પણ સામાજિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક પ્રણાલિકા રહેલી છે. પ્રતીક આખરે કવિતાને માટે છે. કવિતા પ્રતીક માટે નથી. જેને શોધવા નીકળવુ પડે એ પ્રતીક નથી. જે આપમેળે ઉગી નીકળે તે પ્રતીક છે. **- હરીન્દ્ર દવે**

**પ્રશ્ન.૨ નીચેના ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો.** **(૧૪)**

વિદ્યા મેળવવાનો આધાર કેવળ વિદ્યાલય ઉપર જ નથી હોતો, મુખ્યત્વે કરીને વિદ્યાર્થી ઉપર જ હોય છે. ઘણા વિદ્યાર્થીઓ વિદ્યાલયમાં જાય છે, એટલે જ નહીં, ઉપાધિ પણ મેળવે છે. છતાં, વિદ્યા પામતા નથી, તે જ પ્રમાણે તીર્થ કરવા તો ઘણા જાય છે. પણ તીર્થનું સાચું ફળ બધા મેળવી શકતા નથી. જેઓ જોવાની વસ્તુ જુએ નહી, મેળવવાની વસ્તુ મેળવે નહિ, તેમની વિદ્યા આખર સૂધી પોથીમાં રહે છે અને ધર્મ બાહ્ય આચરણમાં પૂરાઇ રહે છે. તેઓ તીર્થમાં જાય છે ખરા, પણ જવાને તેઓ પૂણ્ય માને છે, પામવાને નહિ. તેઓ અમુક જળ અથવા અમૂક માટીમાં કોઇ વિશેષ ગુણ રહેલો છે તેમ માને છે. એથી માણસનું લક્ષ્ય ભ્રષ્ટ થાય છે. જે ચિત્તની સામગ્રી છે તેને વસ્તુમાં હાંકી કાઢી તેનો નાશ કરે છે, આખા દેશમા સાધના માર્જિન ચિત્ત શક્તિ જેમ જેમ મલિન થતી ગઇ તે વાત કબુલ કરવી જ પડશે. **- રવિન્દ્રનાથ ટાગોર**

**અથવા**

**પ્રશ્ન.૨** નદીને જો કોઇ ઉપમા આપી શકાય તો તે માતાની જ છે. નદીને કાંઠે રહીએ એટલે દુકાળની બીક તો રહે જ નહિ. મેઘરાજા દગો દે ત્યારે નદીમાતા આપણો પાક પકવે નદીનો કાંઠો એટલે શુદ્ધ અને શીતલ હવા. નદીને કાંઠે કાંઠે ફરવા જઇએ એટલે કુદરતના માતૃવાત્સલ્યનાં અખંડ પ્રવાહનું દર્શન થાય. નદી મોટી હોય અને એનો પ્રવાહ ધીરગંભીર હોય ત્યારે તો કાંઠા ઉપર રહેનારા લોકોની જાહોજલાલી એ નદીને જ આભારી હોય. સાચે જ નદીએ જનસમાજની માતા છે. શહેરમાં શેરીએ શેરીએ ફરતા હોઇએ અને એકાદ ખૂલા તરફથી નદીનુ દર્શન થાય ત્યારે આપણને કેટલો આનંદ થાય છે? શહેરનું મેલુ વાતાવરણ ક્યાં અને નદીનું પ્રસન્ન દર્શન ક્યાં? તરત જ ફેર જણાઇ આવે છે. નદી ઇશ્વર નથી પણ ઇશ્વરનું સ્મરણ કરાવનાર દેવતા છે. જો ગૂરૂને વંદન કરવું ઘટે તો નદીને પણ વંદન કરવું ઘટે છે. **- કાકા કાલેલકર**

પ્રશ્ન.3 વિરામ ચિન્હો એટલે શું? સમજાવી તેના વિશે વિસ્તૃત ચર્ચા કરો. (૧૪)

**અથવા**

**પ્રશ્ન.3 નીચેના વાક્યોમાં વિરામ ચિન્હો મૂકી ફરીથી લખો. (કોઇપણ સાત)**

1. વાહ ધન્ય છે નારી ટેકને
2. તેના લોચન રાજીવ કમળ સમાન છે
3. હવે તમને કેમ લાગે છે માથું દુ:ખે છે
4. મારો જન્મ ૫૩ માં થયો હતો
5. અરે કેવો ક્રુર માણસ
6. અહા સૂર્યોદય કેવો આહલાદક છે.
7. ગાંધીજીની આત્મકથા સત્યના પ્રયોગો તમે વાંચી છે
8. ભગવાન બુદ્ધ કહે છે. અહિંસા પરમ ધર્મ છે
9. દશરથ રાજાને ત્રણ રાણી કૌશલ્યા સુમિત્રા અને કૈકેયી
10. મુંજાલ તું જાણે છે હું ગુજરાતની રાજમાતા છુ

પ્રશ્ન.૪ સમાસ એટલે શું? તે સમજાવી ઉપપદ સમાસ અને કર્મધારય સમાસ વિશે લખો. (૧૪)

**અથવા**

**પ્રશ્ન.૪ નીચેનામાંથી કોઇપણ સાત સમાસનો વિગ્રહ કરી ઓળખાવો.**

1. દેવાધીન 2. કપોલકલ્પિત 3. દેવાલય 4. પીતાંબર 5. ખુશખબર

6. ચક્રપાણિ 7. સુખાંત 8. અગમબુદ્ધિ 9. હરિણાક્ષી 10. પાણીપંથો

**પ્રશ્ન.૫ નીચે આપેલાં રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્ય બનાવો.** (૧૪)

1. કક્કો ખરો કરવો 2. કાગની ડોળે રાહ જોવી 3. ખાંડાની ધારે ચાલવુ

4. ગાડું ગબડવુ 5. છાપરે ચડવું 6. ટાઢા પહોરનું

7. બે પાંદડે થવું

**અથવા**

**પ્રશ્ન.૫ નીચે આપેલી કહેવતોના અર્થ સમજાવો.**

1. ન બોલ્યામાં નવ ગુણ 2. ભાગ્યશાળીને ભૂત રળે 3. મન હોય તો માળવે જવાય

4. ઉલમાંથી ચૂલમાં પડવું 5. એક પંથ દો કાજ 6. પાડાના વાંકે પખાલીને ડામ

7. પોથીમાના રીંગણાં

********************************